GJVL030020462021

દાખલ તારીખ :- ૧૫/૦૯/૨૦૨૧
રજુ તારીખ :- ૧૫/૦૯/૨૦૨૧
ફેસલ તારીખ :- ૧૭/૦૮ /૨૦૨૬
સમય :-દિવસ મહીનો વર્ષ
૦૨ ૧૧ ૦૪

---

**પારડીના મહે.બીજા અધિક જયુડી. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલત સમક્ષ**
**તા.પારડી, જી.વલસાડ**

---

ફો. કેસ નં. **૧૯૧૩/૨૦૨૧**

આંક :-

<u>ફરીયાદી</u> :- શ્રી સરકાર

વિરુધ્ધ

<u>આરોપી</u> :- (૧) મહેશભાઈ રામુભાઈ પટેલ
રહે. કલસર, સડક ફળીયા, તા. પારડી, જી. વલસાડ
(૨) હંસાબેન પ્રવિણભાઈ પારધી
રહે. રૂમ નં. ૬૬, કલ્પના સોસા. શાંતિનગર, ઉધના, સુરત
(૩) કમલાબેન ઉમેશભાઈ ગવઈ
રહે. ઝુપડપટ્ટી, સંજયનગર, ઉધના, સુરત
(૪) કુસુમબેન નાનાભાઈ પાટીલ
રહે. સાઈબાબા મંદિર પાસે, રતન ચોક, ઉધના, સ્ટેશનની બાજુમાં, તા.જી. સુરત
(૫) ઈન્દુબેન મહેશભાઈ પટેલ
રહે. કલસર, સડક ફળીયા, તા. પારડી, જી. વલસાડ

**[આંક–૧ તળે સદર આરોપીઓ વિરૂધ્ધ સી.આર.પી.સી ની કલમ ૨૯૯ મુજબનો હુકમ થયેલ છે]**

---

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન ધારાની કલમ– ૬૫ એઇ, ૯૮(૨), ૮૧ મુજબ.

---

સરકાર તર્ફે : વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલ

આરોપી તર્ફે : સી. આર. પી. સી. ૨૯૯ મુજબ હુકમ થયેલ છે....

---

**–: ચુકાદો :–**

**(૧)** આ કામે ફરીયાદપક્ષ તરફથી ફરીયાદ હકીકત એવી છે કે, પ્રોહી એકટ કલમ–૬૫ એ(ઇ),૯૮(૨) ૮૧ મુજબ તે એવી રીતે કે કોલમ નં.૧૧ (૧),૧૧(૨), ૧૧(૩),૧૧(૪) તથા ૧૧(૫) માં જણાવેલ તહોમતદારોએ એકબીજાની મદદગારીથી તા.૦૩/૦૧/૨૦૨૦ ના કલાક–૨૩/૧૦ વાગે મોજે મોતીવાડા,રેલ્વે ફાટક પાસે રોડ ઉપર, તહો નં–૧૧ (૧) નાઓ પોતાના કબ્જાની એક લાલ કલરની એકટીવા નં– GJ–15–LL–6132 કી.રૂ. ૨૦,૦૦૦/–ની મા ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની બાટલીઓ નંગ–૧૪૯ કિ.રૂ.૧૨,૪૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૩૨,૪૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવતા પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબત.

**(૨)** આ કામના આરોપીઓ વિરૂધ્ધ હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ, સદરહું ગુનાના કામે આરોપી હાજર રહેતા ન હોય, આરોપી ઉપર અવાર–નવાર પકડ વોરંટ કાઢવામાં આવેલ હોય, પરંતુ આરોપીને કોર્ટ સમક્ષ હાજર રખાવી શકેલ નથી અને આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી અને તેની ગેરહાજરીના પરિણામે કેસની કાર્યવાહીમાં વિલંબ પડે છે. તેથી આ તમામ સં જોગોને લક્ષમાં લઇ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) અન્વયે આરોપીની ગેરહાજરીના

પરિણામે કેસની કાર્યવાહી વિલંબમાં ન પડે તે હેતુથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) હાલના કામે તપાસ સંસ્થા દ્વારા કુલ–૦૫ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. જે કેસ ટ્રાયલના તબક્કે આવતા આરોપીઓ અત્રેની કોર્ટમાં હાજર નહિ રહેતાં આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષ તરફ થી પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ ૧ રાજુભાઈ બાબુભાઈ ધો. પટેલ ની જુબાની | ૦૫ |
| ૨ | પંચનામું | ૦૬ |
| ૩ | પંચ ૨ ગોપાલભાઈ ગુપ્તાભાઈ સોનીની જુબાની | ૦૭ |

(૫) ત્યારબાદ હાલના કામે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો પુરો થયાનુ જાહેર કરતાં હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ હાલના કામે ફરીયાદ પક્ષ તર્ફે આરોપીઓ વિરૂધ્ધ રજુ પુરાવો દયાને લેતા ક્રિ. પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય જેથી વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી આર.સી.પટેલની દલીલો સાંભળી. જેમાં ફરીયાદ પક્ષે આરોપીઓને મહતમ સજા ફરમાવવા માટેની દલીલો રજુ કરેલ છે.

(૮) ઉપરોકત હકીકતોને દયાને લેતા કેસના ન્યાચીક નિર્ણય માટે નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ઓ ::**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, પ્રોહી એકટ કલમ–૬૫ એ(ઇ),૯૮(૨) ૮૧ મુજબ તે એવી રીતે કે કોલમ નં.૧૧ (૧),૧૧(૨), ૧૧(૩),૧૧(૪) તથા ૧૧(૫) માં જણાવેલ તહોમતદારોએ એકબીજાની મદદગારીથી તા.૦૩/૦૧/૨૦૨૦ ના કલાક–૨૩/૧૦ વાગે મોજે મોતીવાડા,રેલ્વે ફાટક પાસે રોડ ઉપર, તહો નં–૧૧ (૧) નાઓ પોતાના કબ્જાની એક લાલ કલરની એકટીવા નં– GJ–15–LL–6132 કી.રૂ. ૨૦,૦૦૦/–ની મા ભારતીય બનાવટનો ઇગ્લીશ દારૂની બાટલીઓ નંગ–૧૪૯ કિ.રૂ.૧૨,૪૦૦/– મળી કુલ્લે કિ.રૂ.૩૨,૪૦૦/– નો પ્રોહી મુદ્દામાલ વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવતા પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબત. શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદદા નં. ૧.નકારમાં.

મુદદા નં. ૨.આખરી હુકમ મુજબ

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧**

(૧૦) હાલના કામે આરોપીઓ સામે આક્ષેપિત ગુનાના તત્વો અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,આંક– ૦૫ અને આંક– ૦૭થી રજુ પંચ સાહેદની જુબાની ખુબજ મહત્વ ધરાવે છે અને હાલના કેસની હકીકતો અંગેના સ્વતંત્ર સાહેદ છે, પરંતુ હાલના કામે તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો, તેઓ હાલના કામે આંક– ૦૬ થી રજુ પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સહી સીવાય પં

ચનામામાં રહેલ કોઈ હકીકતોને સમર્થન આપતી જુબાની તેઓએ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ નથી.

(૧૧)ભારતીય પુરાવા અધિનિયમ કલમ ૧૦૧ વંચાણે લેતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદ પક્ષના શીરે છે, પરંતુ હાલના કામે તમામ હકીકતો,સં જોગો તથા રેકર્ડ દયાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં તદ્દન નિષ્ફળ ગયેલ હોવાનુ તથા ક્રિમીનલ જ્યુરીસ્પ્રુડન્સના સિદ્ધાંત મુજબ આરોપીને મળવા પાત્ર શંકાનો લાભ મેળવવા આરોપી હકદાર થતા હોવાનુ અત્રેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે.

(૧૨) હાલના કામે કેસની હકીકત જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાનો કેસ યોગ્ય રીતે સાબિત કરવા માટે ગુનાવાળી જગ્યાની આજુબાજુમાંથી ઘણા સ્વતંત્ર વ્યકિતઓને સાહેદ તરીકે તપાસના કામે તપાસી શકયા હોત અને તેમ કરવાથી તેઓ પોતાનો કેસ વધુ સારી રીતે સાબિત કરી શકયા હોત. પરંતુ હાલના કામે તેવુ કાંઈ કરવામાં આવેલ નથી જે શંકાને સ્થાન આપે છે. આમ સદર કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદ પક્ષના કેસમાં ઘણી ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. આમ તમામ હકીકતો દયાને રાખતા આરોપીઓ વિરુદઘનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે. જેથી તેનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય, ઉપરોકત મુદદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદદા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૩) આમ, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખી હાલનો કેસ ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસને એકપણ સ્વતંત્ર પંચસાહેદથી સમર્થન મળતું નથી. હાલના કામે તપાસ સંસ્થા દ્રારા કુલ–૦પ આરોપીઓ વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપીઓ અત્રેની કોર્ટમાં નિયમિત હાજર નહિ રહેતા આંક–૦૧ તળે હુકમ કરીને આરોપીઓ ની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હતો. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર થતું ન

હોય, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩ (૬) તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૧૮/૧૬ ને ધ્યાને લઈને, આરોપીઓની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) આરોપી ઓ (૧) મહેશભાઈ રામુભાઈ પટેલ (૨) હંસાબેન પ્રવિણભાઈ પારધી ((૩) કમલાબેન ઉમેશભાઈ ગવઈ (૪) કુસુમબેન નાનાભાઈ પાટીલ (૫) ઈન્દુબેન મહેશભાઈ પટેલ નાઓને ક્રિ.પો.કો.કલમ–૨૪૮(૧)અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એઈ, ૯૮(૨), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો,ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૫૩(૬) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે. (શરદ જેઠાલાલ સાવલા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નંબર ૯૮૬૨/૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬,તા. ૦૫/૦૭/૨૦૧૬.)

(૩) આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાત મુચરકો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

(૪) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ લાલ કલરની એકટીવા નં– GJ–15–LL–6132 અંગે જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે અન્યથા તેના મુળ માલીકની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવા નો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૭, માહે ઓગસ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ : ૧૭/૦૮ /૨૦૨૬**
**સ્થળ : પારડી**

**(પાર્વતી દેવરામભાઈ મોકરીયા)**
બીજા અધિક જ્યુડી. મેજી.ફર્સ્ટ કલાસ
તા. પારડી, જી. વલસાડ
**CODE NO.GJ 01743**